મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૧-૦૩-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૪૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

પ્રધાનમંત્રી મોદીની હર ઘર શૌચાલય યોજનાને મહેસાણા મનપાના શાસકોએ તીતર પીતર કરી નાખી, પૂર્વ પાલિકા પ્રમુખોએ બનાવી આપેલા શૌચાલયો દબાણના નામે તોડી પાડ્યા

મહેસાણા શહેરના ચરખી વિસ્તારના લોકો હવે ‘હગવા’ શું કમિશ્નરના ઘરે કે પછી મનપાની કચેરીમાં જશે?

વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રીની યોજનાને ઘરોઘર પહોંચાડવા માટે લાખો કરોડો રૂપિયા ખર્ચ કરાયો પછી સ્વચ્છતા જાળવવા માટે શૌચાલય અંગેના ફાયદા પણ લોકોને સમજાવવા પ્રચાર-પ્રસાર પાછળ પણ કરોડો ફૂંકી દેવાયા છે

મહેસાણાના તત્કાલિક ભાજપી શાસકોએ સાહેબને વ્હાલા થવા અથવા તો યોજનાને પાર પાડવા તેમજ સ્વચ્છતા રહે તે માટે ચરખી વિસ્તારના લોકોને ઘરો ઘર શૌચાલય બનાવી આપ્યા હતા

હવે મનપાએ દબાણના નામેઘરમાં રહેલા શૌચાલયો તોડી પાડી અહીંના રહીશોને ખૂલ્લામાં શૌચ ક્રિયા કરવા મજબૂર કરી દીધા હોય તેવી છાપ ઉપસી

શહેરના કોંગી આગેવાન અને જનમંચના પ્રમુખ પાર્થ રાવલે મનપા કમિશ્નર સામે બાણ ચઢાવી ગરીબોને ન્યાય આપવા રણશિંગુ ફૂકીને મનપા શાસકોની પોલ ખોલી વિરોધ દશાર્વ્યો છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા શહેરના ગોપીનાળાથી રેલવે સ્ટેશન તરફ જતાં માર્ગ તરફ આવેલા ચરખી વિસ્તારના રહીશો વર્ષો અગાઉ જાહેરમાં જ શૌચ ક્રિયા કરીને રાધનપુર ચોકડી તરફ જવાનો આખો રોડ દૂષિત કરતાં હતા. જે બાદ વર્ષ ૨૦૪ પ્રધાનમંત્રીની હર ઘર શૌચાલય યોજનાનો લાભ આપીને તેઓને જાગૃત કરીને જાહેરમાં ગંદકી ન ફેલાવવાના ઉદેશ સાથે તત્કાલિક પાલિકાના શાસકોએ તેઓને શૌચાલયો બનાવી આપ્યા છે. એ શૌચાલયો પાછળ રાષ્ટ્રભરમાં લાખો રૂપિયાનો ખર્ચ અને તેના પ્રચાર-પ્રસાર પાછળ કરોડો રૂપિયા કેન્દ્ર સરકારે ફૂંકી માર્યા છે. હવે જ્યારે મહેસાણા પાલિકા મનપામાં પરિવર્તિત થઈ છે ત્યારે શાસકોએ દબાણના નામે ચરખી વિસ્તારના લોકોના શૌચાલયો તોડી પાડ્યા છે.

મનપા શાસકોએ ગરીબોના શૌચાલયો દબાણના નામે તોડ્યા તેની સામે વિરોધનો વંટોળ ઉઠ્યો છે. બીજ પ્રશ્ન એ પણ થયો છેકે, ચરખી વિસ્તારના શૌચાલયો તૂટતાં હવે અહિંયા રહીશો ‘અગવા’ માટે શું કમિશનરના નિવાસ સ્થાને કે પછી મનપાની કચેરીમાં જાય કે શું ? જો આ પ્રશ્નનો જવાબ મનપા કમિશ્નર કે તેમની આખે આખી ટીમ પાસે હોયતો જાહેર કરે તેવું શહેરભરની જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

કોંગી આગેવાન પાર્થ રાવલે ગરીબોને ન્યાય અપાવવા બાયો ચઢાવી

ગરીબોના શૌચાલયો દબાણના નામે તોડી નંખાતાં જનમંચના પ્રમુખ અને કોંગી અગ્રણી પાર્થ રાવલે મનપા તંત્ર સામે બાયો ચઢાવી વિરોધ દંશાવ્યો છે. તેઓએ આ અંગે મનપા કચેરીમાં લેખિત રજૂઆત કરીને હવે અહિંયા લોકોને શૌચ ક્રિયા કરવા કયા જવું અને તેમને આ માટે પડતી હાલાકી માટે પ્રશ્નો ઉઠાવ્યા છે.

તોડી પાડેલા શૌચાલયો નવા બનાવી આપો

ચરખી વિસ્તારના રહીશોએ પણ પોતાની સહીઓ કરીને તેઓને શૌચાલયો નવા બનાવી આપવા રજૂઆત કરી છે. તેઓએ જણાવ્યું છેકે, તત્કાલીક પાલીકા પ્રમુખ રોહિત પટેલે શૌચાલયનું નિર્માણ કરીને અમને સુવિધા આપી હતી. જે મનપાએ તોડી નાંખ્યા છે. જેને લઈને ચરખી વિસ્તારના મહિલા વર્ગને શૌચ ક્રિયા જવામાં હાલાકી ભોગવવી પડે છે. જે ધ્યાને લઈ શૌચાલયોનું નવ નિર્માણ કરી આપવામાં આવે તેવી માંગણીને દમદાર બનાવી છે.

રખી વિસ્તારના ગરીબોને ખોળ બાલા હનુમાન મંદિર વિસ્તારના અમીરોને ગોળ આ છે મનપાનો મોડ

કોંગી અગ્રણી પાર્થ રાવલે મનપા શાસકોને પત્ર લખીને પોતાનો રોષ પ્રગટ કરતાં જણાવ્યું છેકે, ચરખી વિસ્તારના લોકોને દબાણના નામે પરેશાન કરવામાં આવ્યા બીજી તરફ એની પાછળ આવેલા વન વે માર્ગ એવા બાલાજી હનુમાન મંદિર રોડ વિસ્તારમાં અનેક હોસ્પિટલો આવેલી છે. જ્યાં માલેતુજાર લોકોની મિલકતો છે. જે ગેરકાયદે હોવાનું કહેવાય છે ત્યાં કમિશ્નર રવિન્દ્ર ખટાલેના જેસીબીને જતાં પંચર કેમ પડી જાય છે? જો કમિશ્નરમાં ન્યાયની ભાવના હોય તો માલેતુજારોના દબાણવાળા બાંધકામો તોડવા જેસીબીમાં હવા ટાઈટ કરી રાખવાની તૈયારી બતાવવી જોઈએ.

એસીબીએ સર્કલ ઓફિસર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

બહુચરાજી મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસરે નોંધ મંજુર કરવા માટે રૂપિયા ૭૫૦૦ની લાંચ લેતાં રંગેહાથ ઝડપાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ સફળ કામગીરી કરી છે. બહુચરાજી મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સર્કલ ઓફિસર ભૂપેન્દ્ર પરમારને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

સર્કલ ઓફિસર ભુપેન્દ્ર પરમારે નોંધ મંજૂર કરવા માટે અરજદાર પાસેથી રૂપિયા ૫૦,૦૦૦ની માંગણી કરી હતી. આ માંગણીના પગલે અરજદારે ACBનો સંપર્ક કર્યો હતો. ACBએ ફરિયાદના આધારે છટકું ગોઠવ્યું હતું. સર્કલ ઓફિસર પરમારને રૂપિયા ૭,૫૦૦ની લાંચ લેતા રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.મહેસાણા

ACBએ સર્કલ ઓફિસર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે છઝ્ર સતત કાર્યરત રહી ભ્રષ્ટાચાર નાબૂદી માટે કટિબદ્ધ છે .

કડી પોલીસ ફૂલ એક્શન મોડમાં, અસામાજિક તત્વો વિરૂદ્ધ ચાલ્યું તંત્રનું બુલડોઝર, તોડી પડાયા ગેરકાયદેસર મકાન

કડી પોલીસે લુખ્ખા તત્વોના ગેરકાયદેસર બાંધકામ ઉપર બુલડોઝર ફેરવી કડી પોલીસે શ્રી ગણેશ કર્યા

ઇરફાન ઉર્ફે ગિરિ સલીમભાઈ મલેકની ગેંગ ઉપર પોલિસે તવાઈ બોલાવી

(ગરવી તાકાત) કડી તા.૨૦

હોળીની રાત્રે વસ્ત્રાલમાં લુખ્ખાઓ દ્વારા મચાવવામાં આવેલા આતંક બાદ ગુજરાત સરકાર ત્વરિત કાર્યવાહીમાં આવી ગઈ છે. રાજ્યના પોલીસ મહાનિર્દેશકે તમામ જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશનરોને ૧૦૦ કલાકનું અલ્ટિમેટમ આપીને ગુનેગારોની યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશની સમયમર્યાદા પૂર્ણ થતાં જ હવે ‘ગેંગ્સ ઓફ ગુજરાત‘ સામે સકંજો કસવાની શરૂઆત થઈ ગઈ છે.

ગુજરાત પોલીસે રાજ્યમાં ગુનેગારોની કરમકુંડળી તૈયાર કરી છે અને તેમની કમર તોડવાની કામગીરી હાથ ધરી છે. સખત ગુનાહિત ઇતિહાસ ધરાવતા આરોપીઓ સામે પાસા અને તડીપાર જેવા કડક પગલાં લેવામાં આવશે. આ સાથે જ જે લુખ્ખાઓએ ગેરકાયદેસર બાંધકામો ઊભા કર્યા છે તેમની તપાસ કરીને તેના પર બુલડોઝર ફેરવી દેવામાં આવશે. મહેસાણા જીલ્લા માં પણ ૩૫૧ જેટલા લુખ્ખા તત્વો ની યાદી તૈયાર કરવામાં આવી હતી. અને આજે કડી પોલીસ સ્ટેશન ના અધિકારીઓ અને સ્ટાફ સાથે રાખી ને લુખ્ખા તત્વો એ જે ગેરકાયદેસર દબાણ કરી ને બેઠા છે તેમના ઉપર બુલ્ડોઝર ફેરવવા માં આવ્યું છે.

કડી માં આવેલ ગુમટિયા વિસ્તારમાં આવેલ ઈરફાન ઉર્ફે ગીરી સલીમભાઈ મલેક ×ગિરિ ગેગ× નું ગેરકાયદેસર બાંધકામો પર તવાઈ બોલાવવા નું કડી પોલિસે શ્રી ગણેશ કરી નાખ્યા , કડી નગરપાલિકા વીભાગ ના અધિકારીઓ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં ગુનેગારોની ગેરકાયદેસર મિલકતોને તોડી પાડવામાં આવી રહી છે.

કડી પોલીસ સ્ટેશનના પી. આઇ એ.એન. સોલંકી તથા મહેસાણા એલ.સી. બી પોલીસ ના પી. આઇ જે. પી.સોલંકી તથા સમગ્ર પોલીસ બંદોબસ્ત ફાળવીને આ ગેરકાયદેસર બાંધકામને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી શહેરમાં ગુનેગારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

પીએસઆઈ એમ.બી. પટિયાર અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન

મહેસાણા તાલુકા પોલીસે પ્રોહિબિશન કેસમાં ફરાર આરોપીને ફતેપુરા સર્કલ પાસેથી દબોચ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા તાલુકા પોલીસે પ્રોહિબિશન કેસમાં નાસતા-ફરતા આરોપીની ધરપકડ કરી છે.

પોલીસે આપેલી માહિતી મુજબ, PSI એમ.બી.પઢીયાર અને તેમની ટીમ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન હતી. આ દરમિયાન HC હીરેનકુમાર તથા PC તરુણકુમાર પોલીસને બાતમી મળી હતી કે પ્રોહિબિશન કેસનો આરોપી સોલંકી (ઠાકોર) ધનુજી ઉર્ફે વિનોદજી જગાજી શંકરજી (ઉંમર ૩૪) ફતેપુરા સર્કલ નજીક જાહેર રોડ પર ઊભો છે. આરોપી મૂળ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના મોટી આખોલ ઠાકોરવાસનો રહેવાસી છે.

આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ.ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) અને ઈ.પી.કો.ની કલમ ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) હેઠળ ગુનો નોંધાયેલો હતો. પોલીસે પંચોની હાજરીમાં આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીએ ગ્રે કલરની ટી-શર્ટ અને આછા ગ્રે કલરનું પેન્ટ પહેરેલું હતું. પોલીસે BNSS-૨૦૨૩ની કલમ ૩૫(૧)(જે) મુજબ તેની અટકાયત કરી વધુ કાર્યવાહી માટે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

તાત્કાલિક ગેસ્ટ હાઉસ વેચવાનું છે
અતિથિ ગેસ્ટ હાઉસ
ફોરેન જવાનું હોવાથી,
ચાલુ કંડીશનમાં ૧૨ રૂમ,
કિચન, રિસેપ્સન કાઉન્ટર.
નારાયણ પ્લાઝા, સાંઈબાબા મંદિરની સામે, મહેસાણા.
99244 12925

ભારત વિરોધી કરતૂતો

એ સમયની માંગ છે કે પશ્ચિમી દેશોમાં ખાલિસ્તાન સમર્થક આતિવાદીઓનાં કરતૂતો પર આ દેશોના સત્તાધીશો સાથે સ્પષ્ટ વાત કરવામાં આવે અને તેમને નિયંત્રિત કરવા માટે પણ કહેવામાં આવે. આ જ અનુસંધાનમાં ગત દિવસે વડાપ્રધાન મોદીએ ન્યૂઝિલેન્ડના વડાપ્રધાન સાથે તેમના દેશમાં ખાલિસ્તાન સમર્થક તત્ત્વોની હરકતોનો ઉલ્લેખ કર્યો, જ્યારે રક્ષામંત્રી રાજનાથ સિંહે અમેરિકી ગુપ્તચર પ્રમુખ તુલસી ગબાર્ડને કહ્યું કે અમેરિકામાં ખાલિસ્તાન સમર્થક ચરમપંથીઓ પર લગામ લગાવવી જોઈએ. તેમણે પ્રતિબંધિત ચરમપંથી સંગઠન સિખ ફોર જસ્ટિસના વડા ગુરપતવંતસિંહ પન્નુની હરકતોનો ઉલ્લેખ પણ કર્યો. ભારતે એટલા સુધી જ સીમિત ન રહેવું જોઈએ. તેણે એના પર ભાર મૂકવો જોઈએ કે અમેરિકા અને ન્યૂઝિલેન્ડમાં ખાલિસ્તાન સમર્થક તત્ત્વો પર વાસ્તવમાં લગામ લાગે. આ બંને દેશો ઉપરાંત ભારતે બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયાને પણ કહેવું પડશે કે જો તેમને ત્યાં ખાલિસ્તાની તત્ત્વો બેલગામ થતા રહે છે તો સંબંધોને આગળ વધારવામાં મુશ્કેલી પડશે. તેની અવગણના ન કરી શકાય કે આ પાંચેય દેશ આઈ-પ નામના એ સંગઠનના સદસ્ય છે, જે પોતાની ગુપ્તચર માહિતીઓ આપ-લે કરે છે. શું આ એક માત્ર દુર્યોગ છે કે આ પાંચેય દેશોમાં ખાલિસ્તાન સમર્થક તત્ત્વો કંઈક વધારે જ બેલગામ છે?

સમસ્યા માત્ર એ નથી કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે પશ્ચિમી દેશોમાં ખાલિસ્તાનની તરફદારી કરનારા ભારત વિરુદ્ધ ઝેર ઓકતા રહે છે, બલ્કે એ પણ છેકે આ દેશ તેમની અરાજક ગતિવિધિઓની અવગણના પણ કરી શકે છે. એ કોઈથી છૂપું નથી કે આ દેશોમાં ખાલિસ્તાન સમર્થક ક્યારેક હિંદુ મંદિરોને નિશાનો બનાવે છે, ક્યારેક ભારતીય રાજદ્વારીઓને નિશાના પર લે છે અને ક્યારેક ભારતીય ધ્વજનો અનાદર કરે છે.

ભારતના વાંધા પર આ દેશો આ પ્રકારની ઘટનાઓ પર ચિંતા તો વ્યક્ત કરે છે, પરંતુ જવાબદાર લોકો વિરુદ્ધ ક્યારેય ઠોસ કાર્યવાહી નથી કરતા. સ્પષ્ટ છે કે એનાથી તેમનું દુસ્સાહસ વધે છે. ભારતે આ દેશો સમક્ષ એ સ્પષ્ટ કરવું પડશે કે આ પ્રકારની ગતિવિધિઓ સહન કરી લેવામાં નહીં આવે. જો આ દેશો ભારતની ચિંતાઓને સમજવા અને તેનું સમાધાન કરવા માટે તૈયાર નથી થતા તો કેટલાક વિષયો પર તેમના સહયોગ-સમર્થનના સિલસિલાને આગળ વધારવાથી રોકવા પર વિચાર કરવો પડશે. આખરે એ એક તથ્ય છે કે ભારતને જેટલી જરૂરિયાત આ દેશોની છે, એટલી જ તેમને ભારતની પણ છે. ભારતે એ પણ જોવું પડશે કે આ દેશ કયાં કારણોસર પોતાને ત્યાં રહેતા ખાલિસ્તાન સમર્થક તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આનાકાની કરી રહ્યા છે? આ કારણોની ઓળખ કરવાની સાથે જ એ પણ જરૂરી છે કે ભારત પશ્ચિમી દેશોમાં સક્રિય ખાલિસ્તાન સમર્થક ચરમપંથીઓનાં ઓસીઆઈ કાર્ડ રદ્દ કરે.

તંત્રી : પ્રકાશ ચૌધરી

મુસ્લીમ કાયદા હેઠળ દેવુ વારસાગત મિલ્કત ન હોવાની દલીલ ગ્રાહ્ય ન રાખી

પિતા દ્વારા લેવાયેલી લોનમાં પોતાને વારસદાર ગણવાની બેંકની કાર્યવાહીને પડકારતી પુત્ર દ્વારા કરાયેલી અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૨૦

બેંક લોન ભરપાઈ કર્યા વગર લોન લેનાર વ્યક્તિનું અવસાન થાય તે પછી વારસદાર પુત્ર પાસેથી પોતાના સ્વર્ગસ્થ પિતા દ્વારા લેવાયેલી લોન વસૂલવા માટે બેંક દ્વારા દાખલ કરવામાં આવેલ દાવાને ફગાવી દેવા દાદ માંગતી પીટીશન ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજી ફગાવી દેતા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે નોંધ્યું હતુ કે, પુત્ર તરફથી કરાયેલી દલીલો વસૂલાતના દાવાના ટ્રાયલ દરમ્યાન વિગતવાર તપાસવાની જરૂર પડશે.

હાઈકોર્ટે અરજદાર પુત્રને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈકાર કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, પુત્રએ અરજીમાં એવો કાયદાકીય મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, તે પોતાના પિતાની બેંક લોન ચૂકવવા માટે જવાબદાર નથી કારણ કે, દેવું એ મુસ્લિમ કાયદા હેઠળ વારસાગત મિલ્કત નથી.

અરજદાર પુત્રએ સુરતના એડિશનલ સિનિયર સિવિલ જજના ગત તા.૨૭-૧૧-૨૦૨૪ના બેંક લોન વસૂલવા અંગે બેંક દ્વારા કરાયેલા દાવાને ફગાવી દેવા માંગણી કરતી સિવિલ પ્રોસીજર કોડની રૂલ ૧૧, ઓર્ડર ૭ હેઠળ કરેલી અરજી નામંજૂર કરવાના હુકમને હાલની રિટ અરજીમાં પડકાર્યો હતો.

પુત્રએ મુદ્દો ઉઠાવ્યો હતો કે, બેંક દ્વારા મેસર્સ એસ.કે.ટેક્સ્ટાઈલના પ્રોપરાઈટરની કેપેસીટીમાં તેને પણ દાવામાં તેના પિતાના કાયદેસરના વારસદાર તરીકે જોડવામાં આવ્યો

હતો.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, બેંક દ્વારા દાવામાં લોન લેનાર તેના પિતાના કાયદેસરના વારસદાર તરીકે અરજદાર પુત્રને પણ જોડવામાં આવ્યા છે. ટ્રાયલ કોર્ટના તારણો મુજબ, મૂળ લોન લેનાર મેસર્સ એસ.કે.ટેક્સ્ટાઈલની કેપેસીટીમાં લોન મેળવાઈ હતી.

તેથી તે બાબતની તપાસ થવી જરૂરી છે. આ મુદ્દાઓની ટ્રાયલ દરમ્યાન વિગતવાર તપાસની અને ટ્રાયલ દરમ્યાન આ બાબત ધ્યાનમાં લેવાની જરૂર પડશે. અરજદારને ટ્રાયલ દરમ્યાન તેમનો બચાવ રજૂ કરવાની સ્વતંત્રતા છે.

સાથે સાથે હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, સીપીસી રૂલ ૧૧, ઓર્ડર ૭ની જોગવાઈઓનો ઉપયોગ કરીને કોઈપણ સંજોગોમાં ઉપરોકત ગ્રાઉન્ડ પર દાવો રદ કરી શકાય નહી કારણ કે, રૂલ ૧૧ના કોઈપણ આધાર કેસના તથ્યો અને સંજોગોમાં ધ્યાન ખેંચતા નથી.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું કે, અરજદાર દ્વારા ઉઠાવાયેલા મુદ્દાઓ અદાલતના અભિપ્રાય મુજબ, મુખ્ય પુરાવાઓ પર મુદ્દા ઘડવાની જરૂર છે. ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ ખામી નહી હોવાનું જણાવી હાઈકોર્ટે અરજદાર પુત્રની અરજી ફગાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે, ટ્રાયલ કોર્ટે નોંધ્યું હતું કે, ઓર્ડર ૭, રૂલ ૧૧ સીપીસી હેઠળ દાખલ કરાયેલી અરજીમાં પુત્રએ એવું કયાંય કહ્યુ નથી કે, તેનો ઉપરોકત માલિકી પેઢી સાથે સંબંધ નથી. વળી, ફરિયાદ સાથે દાખલ કરાયેલા તમામ દસ્તાવેજો દેખીતી રીતે સાબિત કરે છે કે, મૂળ લોન લેનારે મેસર્સ એસ.કે.ટેક્સ્ટાઈલના માલિક તરીકે ગીરો મેળવ્યો હતો.

અરજદાર પુત્રએ એવો કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે, તેના પિતાના દેવા માટે તેને જવાબદાર ઠરાવી શકાય નહી. મુસ્લિમ લોના સંબંધિત ચેપ્ટર અને સીનોપ્સીસ ૧૯ મુજબ, કોઈપણ દેવુ વારસાગત મિલ્કત નથી.

વળી, તે લાંબા સમયથી તેના પિતાથી અલગ અને સ્વતંત્ર રહેતો હતો. જો કે, ટ્રાયલ કોર્ટે તેની અરજી ફગાવી હતી અને બાદમાં હાઈકોર્ટે પણ અરજદાર પુત્રની અરજી કાઢી નાંખી હતી.

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બેવડી ઋતુનો અનુભવ થાય તેવી આગાહી કરવામાં આવી

અમદાવાદ,તા.૨૦

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજયના કેટલાક વિસ્તારોમાં ગરમીનો અહેસાસ થાય તેવી શક્યતા છે. આજે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બેવડી ઋતુનો અનુભવ થાય તેવી આગાહી કરવામાં આવી છે.

હવામાન શાસ્ત્રી ચિરાગ શાહની આગાહી અનુસાર એપ્રિલ અને મે મહિનામાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળશે.આ વર્ષનો ઉનાળો આકરો રહે તેવી આગાહી કરી છે. હાલ ભારતમાં બે સિસ્ટમ સક્રિય છે.ઉત્તર અને દક્ષિણ ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી તાપમાનમાં વધારો થશે.અરબ સાગરમાં પણ સાયક્લોનિક સકર્યુલેશન સક્રિય થઈ રહ્યું છે.પેસિફિક મહાસાગરમાં થતી હલચલ વિશ્વમાં વાતાવરણની દિશા નક્કી કરે છે.

ગુજરાતમાં અમરેલી, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. આ તરફ આણંદ, અરવલ્લી, બોટાદ, દાહોદ, જુનાગઢ, ખેડા, મહીસાગર, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે. બીજી તરફ અમદાવાદ, બનાસકાંઠા, ડાંગ, ગાંધીનગર, મોરબી, મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી શક્યતા છે.



ગ્રહોનો રાઝ આપની આજ

મેષઃ આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. જો તમે વેપાર કરો છો તો તેમાં નફો મળવાની સંભાવના છે. આ રાશિના કેટલાક લોકો આ દિવસે રોકાણ કરવાનો વિચાર પણ બનાવી શકે છે.

વૃષભઃ આજે દિવસની શરૂઆત સારી થશે. આજે તમને કાર્યસ્થળમાં પણ ઈચ્છિત પરિણામ મળશે. વરિષ્ઠ લોકો સાથે વાતચીત કરીને તમને સારું લાગશે. જો તમે સંયુક્ત પરિવારમાં રહેતા હોવ તો સાંજે ઘરમાં પાર્ટીનો માહોલ બનશે

મિથુનઃ આજે તમે તમારી માતાના પક્ષના લોકોને મળીને સારું અનુભવશો. જો તમે નોકરી કરતા હોવ તો આજે દિવાળી બોનસ મળવાની સંભાવના છે. વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ થોડો પડકારજનક રહી શકે છે,

કર્કઃ આજે ઘરની સફાઈમાં પોતાની શક્તિ લગાવી શકે છે. આજે તમે જે પણ કામ હાથમાં લેશો તેમાં સફળતા મળવાની સારી તક છે. આજે તમારી અંદર હિંમત અને પરાક્રમમાં વધારો થશે.

સિંહઃ વાહન ખરીદવાનો વિચાર કરી શકે છે અને આ વિચાર પરિવારના સભ્યોની સામે પણ રાખી શકે છે. આ દિવસે આ રાશિના લોકોની માતાના સ્વાસ્થ્યમાં સારા ફેરફારો જોવા મળી શકે છે.

કન્યાઃ વાણીમાં મધુરતા જોવા મળી શકે છે. આજે તમે તમારા અવાજથી તમારા વિરોધીઓનું દિલ જીતવામાં પણ સફળ રહેશો. આ રાશિના કેટલાક લોકો તેમના માતા-પિતા સાથે ઘરની સજાવટનું આયોજન પણ કરતા જોવા મળે છે.

તુલાઃ આજે નોકરિયાત લોકોને અચાનક જ થોડુ દુર જવું પડી શકે છે. આ યાત્રા જે પણ સંબંધિત હશે તેમાં તમને સફળતા મળવાની અપેક્ષા છે. આજે તમે પરિવારના સભ્યો સાથે પણ સારો સમય પસાર કરી શકશો

વૃશ્ચિકઃ ભાગ્ય સાથ આપશે, જેના કારણે જે કામો અત્યાર સુધી અટકેલા હતા તે પણ પૂરા થશે. જો તમે ભૂતકાળમાં ક્યાંક રોકાણ કર્યું હોય તો તેમાંથી તમને નફો પણ મળી શકે છે.

ધનઃ વ્યવહારમાં સ્વતંત્રતા રહેશે. આજે વાત કર્યા વિના પણ તમને એવું લાગે છે કે જાણે કોઈ બોજ ઓછો થઈ ગયો હોય. આજે તમે નકારાત્મક વિચારોથી મુક્તિ મેળવી શકો છો.

મકરઃ ભૌતિકતાવાદી માનવામાં આવે છે, પરંતુ આજે તેમના વર્તનથી વિપરીત, તેમનામાં આધ્યાત્મિક બાબતો તરફ રુચિ જોવા મળે છે. આ રાશિના લોકો આજે લોકો સાથે વાત કરવાને બદલે એકાંતમાં સમય પસાર કરવાનું પસંદ કરશે.

કુંભઃ આજે પોતાના જીવનસાથી સાથે સારો સમય પસાર કરશે. જેમણે તાજેતરમાં લગ્ન કર્યા છે તેઓ તેમના જીવનસાથી સાથે રોમેન્ટિક સમય પસાર કરી શકે છે.

મીનઃ આજે પોતાના ભોજન પર ધ્યાન આપવું પડશે, આજે બહારનો ખોરાક તમારી પાચન તંત્ર પર ખરાબ અસર કરી શકે છે. આજે કેટલાક લોકોને આજે અચાનક ધન લાભ થવાની સંભાવના છે. જો કે આજે લેવડ-દેવડના મામલામાં સાવધાની રાખવી પડશે.

ફિલ્મી ગપશપ

ગુજરાતભરમાં રીલીઝ થશે

ફિલ્મ 'જીજા સાલા જીજા'માં સાળા બનેવીના સંબંધોની ધમાલ કોમેડી જોવા મળશે!!

ગુજરાતી ફિલ્મના દર્શકોએ કાયમ નવા સબ્જેક્ટ વાળી ફિલ્મને દિલથી આવકારી જ છે અને સૌથી સંવેદનશીલ છતાંય મજાકીયા સાળા બનેવીના સંબંધોને ધમાલ કોમેડી લઈને આવી રહી છે ફિલ્મ 'જીજા સાલા જીજા'.આ ફિલ્મ ગુજરાતભરના થિયેટર્સમાં ૨૧ માર્ચ ૨૦૨૫ના રોજ

રિલીઝ થશે. આ ફિલ્મ તુષાર સાધુ, રાગી જાની, કુશલ મિસ્ત્રી, જય પંડયા, અતુલ પ્રજાપતિ, કિના પાઠક અને ખુશ્બુ ત્રિવેદી જોવા મળશે. આ ફિલ્મની વાર્તાની વાત કરીએ તો બન્ની (કુશલ મિસ્ત્રી) એ રાજ (તુષાર સાધુ) નો સાળો છે અને તુષાર સાધુ એ પ્રો.ઝૂરમીટિયા (રાગી જાની) નો સાળો છે, આ ત્રણેય વચ્ચે ખુબ બને છે, ત્રણેય જીજા-સાલા કરતા દોસ્તારો વધારે છે પણ અચાનક એક દિવસ ત્રણેયએ ભાગમાં શેરમાર્કેટમાં રોકેલા રૂપિયાનો મોટો લોસ આવે છે અને આ ત્રણેયની હસતી ખેલતી લાઈફ અવનવા કાંડ સર્જે છે.

એકમાંથી બીજી અને બીજાંથી ત્રીજી સિચ્યુએશનમાં એવા ભરાય છે કે, એમાંથી નીકળવા જીવલેણ સાહસો કરવા પડે છે. પણ આ બધું દર્શકોને પેટ પકડીને હસાવશે અને ફિલ્મનું ટ્રેઈલર જોતા આ ફિલ્મ સંપૂર્ણ પારિવારિક છે આખી ફેમિલી સાથે બેસીને જોઈ શકો એટલી સરળ અને નિર્દોષ કોમેડી દેખાઈ આવે છે.

આમ, ગુજરાતી દર્શકો કોમેડી વધારે પસંદ કરે છે તો જીજા સાલ જીજા એમના માટે શ્રેષ્ઠ ફિલ્મ બની જશે. ફિલ્મ 'જીજા સાલા જીજા'ના લેખક અને દિગ્દર્શક વિપુલ શર્મા છે. જેમણે આ અગાઉ 'કેમ છો ?', 'વર પધરાવો સાવધાન','રતનપુર' અને 'ફેન્ડો' જેવી ફિલ્મો આપી છે.

આ ફિલ્મનું ટ્રેઈલર રજૂ થતા સોશિયલ મીડિયા ઉપર ધૂમ મચાવી રહ્યું છે. દર્શકોને સાળા, તેના બનેવી, અને બનેવીના બનેવીના ના ત્રિકોણની સિચ્યુએશન કોમેડી પસંદ આવશે.

આ સાથે આ ફિલ્મનું રાકેશ બારોટના કંઠે ગવાયેલું ગીત 'હોકલીયો' ચારેકોર છવાઈ ગયું છે. હાલ સોશિયલ મીડિયા ઉપર સૌથી ટ્રેન્ડિંગમાં ચાલી રહ્યું છે અને તેના ઉપર અનેક રીલ્સ બની રહી છે. ફિલ્મનું મ્યુઝીક પ્રીતમ શુકલ અને પાર્થ ભરત ઠક્કરે આપ્યું છે.જીજા સાલા જીજા ફિલ્મના નિર્માત કૃપા સોની તથા સંજય સોની છે અને બેનર વ્રજ ફિલ્મસ, ઝીલ પ્રોડક્શન અને માસુમ ફિલ્મ્સ છે. આ સાથે રૂપમ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા આ ફિલ્મ નેશનવાઈઝ રિલીઝ થવાની છે. અત્યારે એ વાત ખાસ જૂરરી બને છે કે વ્રજ ફિલ્મસની થોડા સમય પહેલા આવેલી બ્લોક બસ્ટર ફિલ્મ 'હાહાકાર' ગુજરાતીઓનું મનોરંજન કરી ચૂક્યું છે.

સુપ્રીમના ૬ ન્યાયાધીશોનું પ્રતિનિધિ મંડળ ૨૨ માર્ચ હિંસાગ્રસ્ત મણિપુરની મુલાકાતે જશે

નવીદિલ્હી,તા.૨૦

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટીએ જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બીઆર ગવઈ અને અન્ય પાંચ ન્યાયાધીશોનું એક પ્રતિનિધિમંડળ ૨૨ માર્ચે જાતીય હિંસાથી પ્રભાવિત મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાત લેશે.

જસ્ટિસ ગવઈ જેઓ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટીના કાર્યકારી અધ્યક્ષ પણ છે તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત, વિક્રમ નાથ, એમએમ સુંદ્રેશ, કેવી વિશ્વનાથન અને એન. કોટીસ્વર સિંહ સાથે મણિપુર હાઈકોર્ટના દ્વિવાર્ષિક સમારોહના અવસર પર રાહત શિબિરોની મુલાકાત લેશે. નાલસાએ ૧૭ માર્ચે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે, ૩ મે, ૨૦૨૩ના રોજ ચાલુ થયેલી વિનાશક સાંપ્રદાયિક હિંસામાં સેંકડો લોકો માર્યા ગયા અને ૫૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થઈ ગયા અને ઘણા લોકો મણિપુરમાં રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે. નિવેદનમાં આગળ કહ્યું કે, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની મુલાકાત એ અસરગ્રસ્ત સમુદાયોને કાનૂની અને માનવતાવાદી સહાયની સતત જરૂરિયાત પર ભાર મૂકે છે. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટીએ કહ્યું કે, આ મુલાકાત દરમિયાન ન્યાયાધીશ ગવઈ ઈમ્ફાલ પૂર્વ, ઈમ્ફાલ પશ્ચિમ અને ઉખરુલ જિલ્લામાં નવા કાનૂની સહાય ક્લિનિક ઉપરાંત રાજ્યભરમાં કાનૂની સેવા શિબિરો અને તબીબી શિબિરોનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરશે.

બેમુદતી હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મીઓ ગાંધીનગરમાં ઉમટયા: સેંકડોની અટકાયત

સચિવાલય ફરતે સુરક્ષા ઘેરો : મુખ્યમંત્રીને આવેદન આપવા એલાન કરાયુ હોવાથી તંત્ર એલર્ટ મોડ પર

ગાંધીનગર તા.૨૦

રાજયભરના પંચાયત આરોગ્ય કર્મચારીઓની બેમુદતી હડતાળ વધુ ઉગ્ર બની હોય તેમ આજે હજારો કર્મચારીઓ પાટનગરમાં ઉમટયા હતા. મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવાના પ્રયાસ પુર્વે જ ૧૦૦૦થી વધુની અટકાયત કરી લેવામાં આવી હતી.

સૂત્રોએ કહ્યું કે બેમુદતી હડતાળ પર ઉતરેલા કર્મચારીઓ ગાંધીનગર પહોંચે તે પુર્વે જુદા-જુદા જીલ્લાઓમાં જ તેમને અટકાવી દેવામાં આવ્યા હતા. તેઓ દ્વારા આજે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવાનુ એલાન કરવામાં આવ્યુ હતુ તેને ધ્યાને રાખીને ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સચીવાલયના ઓળખપત્ર ધરાવતા કર્મચારીઓને જ જવા દેવામાં આવતા હતા. વિધાનસભાનું સત્ર ચાલુ છે અને તેમાં કર્મચારીએ સચીવાલયમાં ઘુસીને સૂત્રોચ્ચાર કે આંદોલનાત્મક કાર્યક્રમો ન કરી શકે તે માટે ખાસ પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો.

આરોગ્ય કર્મચારીઓની માગણીઓ મુખ્ય માંગણીઓમાં **MPHW, FHW, MPHS, FHS, TMPH, THV** અને જિલ્લાકક્ષાના આરોગ્ય સુપરવાઈઝર કેડરનો ટેક્નિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે સુધારણા સામેલ છે. ઉપરાંત, **MPHW-FHW** કેડરને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિની માંગ પણ કરવામાં આવી છે.

સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં કર્મચારીઓએ અનિશ્ચિત મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે.

કર્મચારીઓ ૧૭ માર્ચથી અચોકસ મુદતની હડતાળ પર આરોગ્ય કર્મચારી મહાસંઘના જણાવ્યા અનુસાર, છેલ્લાં બે વર્ષથી સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી છે, પણ કોઈ નિકાલ ન આવતા સરકારને ૧લી માર્ચ સુધીનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું.

જે બાદ પમી માર્ચે રાજ્યભરના આરોગ્યકર્મચારીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન કર્યું હતું. ૭મી માર્ચથી ઓનલાઈન-ઓફલાઈન કામગીરીનો બહિષ્કાર શરૂ કર્યો હતો. જે બાદ કર્મચારીઓ ૧૭ માર્ચથી અચોકસ મુદતની હડતાળ પર ઉતર્યા છે.

હડતાળ સમેટી લો નહીંતર પગલા : આરોગ્યમંત્રી ચેતવણી દરેક માંગણી સ્વીકારી ન શકાય: સ્પષ્ટ વાત

આરોગ્યકર્મીઓની હડતાળના મામલે આરોગ્યમંત્રી ઋષિકેષ પટેલે નિવેદન આપતાં કહ્યું છે કે 'આરોગ્યકર્મીઓની આ હડતાળ ગેરવ્યાજબી છે. આ હડતાલ વહેલી તકે સમેટી લેવામાં આવે, નહીંતર સરકારને પણ યોગ્ય પગલાં લેવાની ફરજ પડશે.'

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે 'આ બાબતે સરકાર કંઈક કરી શકતી હોય તો ચોક્કસ આગળ વધતી હોય છે. આ વખતે પણ તેમને જે મુદ્દા મૂક્યા છે તેમાં એકાદ બે બાબતો એવી છે જેમાં સહમતિ બની છે. સરકાર આ બાબતે પોઝિટિવ છે. પરંતુ જે મુદ્દાઓ ચર્ચા વિચારણા અથવા તે વાતને ડીપમાં જઈ જોવાનો જ્યાં અવકાશ બાકી હોય તે મુદ્દો પણ સરકાર વગર વિચારે, સરકારના સમગ્ર વહીવટનો વિચાર કર્યા વગર સીધે સીધે માંગણીઓ સ્વીકારી લે એવું ન બને. તેમનો કોઈપણ મુદ્દો હોય તે મુદ્દાની સાથે સુસંગત વાત થાય. છેવટે તો આ ટેક્સનો પૈસો જ્યારે રાજ્યની તિજોરીમાં આવતો હોય ત્યારે લોકોની સુખાકારીમાં અને લોકોની સગવડો માટે એ પૈસો વપરાવવો જોઈએ.'

આવતા વર્ષમાં ST ૨૦૫૦ નવી બસો શરૂ કરશે

૨૦૦ નવી પ્રિમિયમ બસો થકી ટૂરીઝમ સર્કિટ શરૂ થશે : ૨૩૨૦ - કંડક્ટરોને પંદર દિવસમાં નિમણૂંક અપાશે: મંત્રી હર્ષ સંઘવી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

રાજ્ય વિધાનસભા ગૃહમાં રજૂ કરાયેલી વાહન વ્યવહાર પ્રભાગની રૂ. ૩૫૭૯ કરોડની અંદાજપત્રીય માંગણીઓ બહુમતીથી પસાર કરાઈ હતી.

આ તબક્કે, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા સંચાલિત એસ.ટી બસોને કોમન મેનની શાહી સવારી સાબિત થઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રતિમાસ ૨૦૦ નવી બસ એટલે કે, દરરોજ ૬ નવી બસો નાગરિકોની સેવામાં કાર્યરત કરવામાં આવે છે. માત્ર છેલ્લા ૧૪ માસમાં ૨૯૮૭ નવી બસો પ્રજાની સેવામાં મૂકી છે. (અનેક નવા રૂટ પણ શરૂ કરાયા છે. આગામી વર્ષે પ્રજાની સેવામાં નવી ૨૦૫૦ બસો કાર્યરત કરાશે.

નવી બસો સંચાલનમાં મૂકવાથી અગાઉ દૈનિક ૨૫ લાખ મુસાફરો **GSRTC**ની બસોનો લાભ લેતા હતા, તેમાં દૈનિક ૨ લાખ મુસાફરોનો ઐતિહાસિક વધારો થતા હવે દૈનિક ૨૭ લાખ મુસાફરો આ સેવાનો લાભ લે છે.

મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી વર્ષમાં ૨૦૦ નવી પ્રીમિયમ બસ શરૂ કરવા માટે રૂ. ૩૬૦ કરોડની જોગવાઈ કરી છે. આ બસોના માધ્યમથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી, પોલો ફોરેસ્ટ, ગીર રણોત્સવ જેવા પ્રવાસન સ્થળોને આવરી લેતું ટૂરિઝમ સર્કીટ શરૂ કરાશે. એસ.ટી. નિગમની વિવિધ કક્ષામાં એક જ વર્ષમાં ૭૩૨૬ જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જેમાં ક્લાર્ક કક્ષામાં ૨૬૪ ઉમેદવારોને નિમણૂંક અપાઈ છે. કંડક્ટર કક્ષામાં ૨૩૨૦ ઉમેદવારોને આગામી ૧૫ દિવસમાં નિમણૂક અપાશે. મિકેનિક કક્ષામાં ૧૬૫૮ પોસ્ટ માટે જાહેરાતની કામગીરી અને ૩૦૮૪ ડ્રાઈવરની પોસ્ટ માટે પરીક્ષાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સરકારી અધિકારીઓ અને પોલીસ દ્વારા ભ્રષ્ટાચારમાં ડુબેલ ભાજપ સરકાર માત્ર દેખાડાનો જ દરબાર : બુટલેગરો, ગુંડાઓ, ભૂમાફિયાઓ બેફામ બન્યા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

રાજકોટ ૬૮ના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરૂની યાદી મુજબ ભાજપ દેખાડાનો દરબાર, લુચ્ચાઈનું પ્રતિક, બુટલેગરીનો ધંધો ગુંડાઓનું ઘર, લોકોને છેતરવાનું મશીન બની ગયું છે. શાસક પક્ષના આદેશથી રાજયભરમાં ગુંડાગીરી બેકાબૂ બની છે. બુટલેગરો, ગુંડાઓ, ભૂમાફિયાઓ, ભ્રષ્ટાચારીઓ સત્તાધિશોની સીધી દોરવણી હેઠળ કામ કરી રહ્યા છે.

વધુમાં ઈન્દ્રનીલ રાજગુરૂએ જણાવ્યું છે કે, ભાજપમાં જ ગુંડાઓ, બુટલેગરો ભ્રષ્ટાચારીનું ઘર છે તેના પ્રશ્ને શું કરવા માંગે છે તેની સ્પષ્ટતા પણ ગ્રહ મંત્રીએ કરી હોત તો લોકોના હિતમાં કામ કરે છે તેવું લાગશે.

ભાજપ સરકારના આવા સુફિયાણા નિવેદનો સતત આવતા રહેતા હોય છે પરંતુ તેનો અમલ ભાજપના રાજકીય લાભ પુરતો સીમિત છે. જયારથી ભાજપ સરકાર આવી છે ત્યારથી ગુંડાઓને દબાવી ભાજપમાં ભેળવી તેઓ દ્વારા દબાણપૂર્વકના મતો મેળવવાનું કામ કરે છે.

ગ્રહ મંત્રી સાથે જાહેરમાં ચર્ચા કરવાનો અવસર મળશે તો આખા ગુજરાતમાં ભાજપના લોકસભા, ધારાસભા, પંચાયત, કોર્પોરેશનના સભ્યોનું કે જેઓનો ઈતિહાસ ગુંડાગીરીનો રહ્યો છે તેનું લીસ્ટ આપીશ.

ભાજપ ભ્રષ્ટાચાર અને મત માટે ગુંડાઓનું ઘર બની ગયું છે. દેશમાં બિહાર રાજય અસામાજિક લોકોનું ઘર હતું કારણ કે આવા ગુંડાઓ અને અસામાજિક લોકોને સરકાર પોલીસ દ્વારા બચાવ કરાવતી હતી.

ગુજરાત પોલીસ કર્મીઓને અંગત રીતે કોઈ નાગરિક પુછશે તો ખબર પડશે કે દાયદાઓથી ભાજપ સરકાર પોલીસ દ્વારા દારૂના ધંધા, ગુંડાઓને બચાવવાનું કામ કરી રહી છે.

મોદીજીના મુખ્યમંત્રી કાર્યકાળથી આજ સુધીમાં અનેક નિષ્ઠાવાન આઈપીએસ અધિકારીઓને કે જેઓ કાયદાના પાલનના આગ્રહી હતા તેવા ઉચ્ચ પોલીસ અધિકારીઓને જેલમાં નાખ્યા, નબળી જગ્યા પર બદલી કરી તેવા નિષ્ઠાવાનના પેન્શન અટકાવવાના અનેક દાખલાઓ આ સરકારમાં છે.

રાજયના ગૃહ મંત્રી રાજયમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને ખાડે ગયેલ કાયદા કાનૂન બાબતમાં સરકારને બગડેલ આબરૂ પર ઢાંકપિછોડો કરવા માંગે છે. બે પાંચ ગુંડાઓ જે ભાજપના કહ્યામાં ન હોય તેવા લોકો પર કાર્યવાહી કરી કાયદા અમલનો લોક પૈસા ખર્ચ કરી ઢંઢેરો પીટીવેશે તે નકકી છે.સરકાર આમ નાગરીકને બેધડક ન્યાય માટે પોલીસ સ્ટેશન જઈ શકે તેવું ભાજપની સરકારમાં નામુમકીન છે. ગુંડાઓથી ભરેલ સરકાર પોલીસ ઈચ્છે તો પણ કામ કરવા દેવા માગતી ન હોય ત્યારે લોકોને સમજવાની જરૂર છે.

સરકારી અધિકારીઓ અને પોલીસ દ્વારા ભ્રષ્ટાચારમાં ડૂબેલ ભાજપ સરકાર પાસે ખોટી અને મોટી વાતોની અપેક્ષા રાખી શકાય ભાજપ ભાજપના ચૂંટાયેલા ધારાસભ્ય પણ લોક ઉપરાણું લઈ શકતા નથી.

ભાજપમાં રહેલા સારા સભ્યોને પણ ચુપ રહેવું પડતું હોય છે. ત્યારે ગ્રહ મંત્રીની આવી સુફિયાણી વાતોનો મતલબ નથી. ગ્રહ મંત્રીને ઈશ્વરના સોગંદે પૂછીશ કે લોક પ્રતિનિધિ સામાન્ય હોય તે પણ નથી બોલી શકતા પરંતુ મુખ્યમંત્રી પણ તેમની ઈચ્છા મુજબ આ ડબલ એન્જિનની સરકારમાં બોલી શકે છે ખરા? તેવો વેધક સવાલ પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરૂએ ઉઠાવ્યો છે.

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ કે યોગી થવાની જરૂર નથી પણ સીધું અને ઉપયોગી થવાની જરૂર છે

યશપાલસિંહ ટી. વાઘેલા
દરબાર ગઢ થરા

ભય ભૂખ ભ્રષ્ટાચારમુકતગુજરાત ની વાતો વચ્ચે ગુનાખોરીનો આંક વધતાં રાજયના બાહોશ ગૃહ રાજ્યમંત્રી એ પોલીસ તંત્રને જાગૃત કર્યું છે કે હવે રાજયમાં બૂટલેગરો, ભૂમાફિયાઓ, ભેળસેળિયા, દબાણકર્તાઓ પર ભારે દંડાવાળી અને બુલ્ડોઝરથી કડકાઈ થઈ રહી છે એટલે હવે બસ રામરાજ્ય સ્થપાયું જ સમજો. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ધર્મએ જીવન જીવવાની કળા છે એટલે જ કહયું છે કે મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે.કોઈ પણ સાથ ન આપે ત્યારે ધર્મ સાથ આપે છે. કદાચ પૈસાનો નાશ થતો હોય તો થવા દેજો, પણ ધર્મ ન જાય તે જોજો. નહીં તો ધર્મ ને પૈસો બેય જશે. મનુષ્ય માને છે, સર્વ સુખનું સાધન ધન છે, પણ આ અજ્ઞાન છે. સર્વ સુખનું સાધન ધન નથી પણ આ ધર્મ છે. માનવસૃષ્ટિનું સંચાલન કરવા ભગવાને જે કાયદા બનાવ્યા તે જ ધર્મ છે. આજના બનાવેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે, કારણ કે જેવા કાયદાના બનાવનારા તેવા જ કાયદા.એમાં એકે સ્થિતિ નહીં.

હવે નારદજી ધર્મ સમજાવતાં સાધારણ ધર્મ અને વિશિષ્ટ ધર્મ ની વાત કહે છે. સાધારણ ધર્મ એટલે સર્વનો ધર્મ,સર્વેએ પાળવાનો ધર્મ, મનુષ્ય માત્રનો ધર્મ.નારદજી ધર્મનાં ત્રીસ લક્ષણો ગણાવે છે,તેમાં પહેલું લક્ષણ સત્ય અને છેલ્લું લક્ષણ આત્મ સમર્પણ. સત્ય એ ઈશ્વરનું સ્વરૂપ છે. સત્ય એ સાધન છે. સત્ય દ્વારા સત્યનારાયણમાં લીન થવાનું છે.સત્યમાં દઢ શ્રદ્ધા રાખો. મહાભારતમાં સત્યની વ્યાખ્યા એવી કરેલી છે કે, સર્વનું કલ્યાણ થાય એવું વિવેકથી બોલવું એ સત્ય છે.

શ્રીકૃષ્ણ અસત્ય બોલે તે સત્ય છે. દ્રોણાચાર્યના મૃત્યુ પ્રસંગે શ્રીકૃષ્ણ અસત્ય બોલ્યા છે. અશ્વત્થામા નામનો હાથી મર્યો તે વખતે યુક્તિ થી કહે છેકે, અશ્વ ત્થામા માર્યો છે.દ્રોણાચણ ધર્મ રાજાને પૂછે છે.શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર ને કહે છે કે, અશ્વત્થામા હણાયો એમ કહો.સર્વના કલ્યાણની દ્રષ્ટિ એ વિવેકથી બોલવું તે સત્યએ વ્યાખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ આ કહે છે. પાંડવો જીતે એટલે પાંડવોનું કલ્યાણ. દુર્યોધન મરે એટલે એનું યે કલ્યાણ,પણ એમાં દ્રોણનું કલ્યાણ કેવી રીતે!સર્વના કલ્યાણ માં દ્રોણનું પણ કલ્યાણ જોઈએ ને? દ્રોણાચાર્ય વેદસંપન્ન બ્રાહ્મણ છે.બ્રાહ્મણને યુદ્ધ કરવા અધિકાર નથી. કદાચ યુદ્ધ કરે તો ધર્મનું રક્ષણ કરવા માટે જ કરે,પણ દ્રોણાચાર્ય બ્રાહ્મણ હોવા છતાં અધર્મનું યુદ્ધ કરે છે.તેથી દ્રોણા ચાર્યને પાપ કરતાઅટકાવવા અને એ રીતે દ્રોણાચાર્યનું પણ કલ્યાણ કરવા શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા કરી છે.

ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે,અશ્વત્થમા હણાયો અને પછી ધીમેથી બોલે છે,નરો વા કુંજરો વા,એટલે કે કાં નર કાં કુંજર !દયાએ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે, ઘટમાં પ્રાણ છેત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો.

ત્રીજું લક્ષણ પવિત્રતા. પવિત્રતા રાખવી એ સર્વનો ધર્મ છે. લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે પણ મનને કોઈ શુદ્ધ રાખતા નથી.મનશુદ્ધિ-ચિત્તશુદ્ધિ જરૂરની છે.શરીર કરતાં મનથી પાપ વધારે થાય છે.તન-મન શુદ્ધ રાખો. પછી આવે તપશ્ચર્યા. વાણી, વર્તન અને વિચારને શુદ્ધ રાખો. તપશ્ચર્યા છે પછી તિતિક્ષા.તિતિક્ષા રાખવી એ સર્વનો ધર્મ છે. ભગવદ્ કૃપાથી જે સુખદુઃખ આવેતે સહન કરજો શત્રુ પ્રત્યે પણ સદભાવ રાખજો. કોઈ પણ દુઃખમાં ધીરજ ખોઈ ન બેસવી.

એક મહાત્મા પ્રભુના નામનો જપ કરતા જતા હતા.રસ્તામાં ધોબી એ કપડાં ધોઈને સૂકવેલાં. ભૂલથી તે કપડાં ઉપર એમનો પગ પડયો. ગુસ્સે થઈ ધોબી લાકડીથી મહાત્માને માર મારવા લાગ્યો. ભગવાને વિચાર્યું કે, સાધું મારું નામ લે છે અને હું તેનું રક્ષણ નહીં કરું તો મારી આબરૂ જશે એટલે ભગવાન તેમની મદદે ધાયા.

એટલામાં મહાત્માએ સહન શીલતા ગુમાવી. મહાત્માને થયું કે, હું પણ તગડો છું.ધોબીને પહોંચી વળીશ.ધોબી ને મારવા મહાત્માએ લાકડી ઉગામી,એ જોઈ પ્રભુ ત્યાંથી પાછા ફરી ગયા.ત્યારે લક્ષ્મીજી પૂછે છે, તમે પાછાં કેમ આવ્યા? પ્રભુએ જવાબ આપ્યો,બે ધોબી ઓ લડે છે તો લડવા દો! મારી હવે શું જરૂર છે?

જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના ઉપર નહીં થાય.તેનામાંઅભિમાન હશે તો અસર થશે. આ સહન શક્તિનું નામ તિતિક્ષા છે.

ધર્મનું છઠ્ઠું લક્ષણ અહિંસા છે. તન, મન અને વાણીથી કોઈને દુભાવવું નહીં તે અહિંસા છે. જેના જેના સંગથી સ્વભાવ બદલાય એ સંત છે. ઋષિમુનિઓના આશ્રમમાંપશુઓ હિંસક સ્વભાવ છોડી શાંતિથી બેસતાં,એ માત્ર ભૂતકાળની વાત નથી, આજે પણ એ બને છે. સાતમું લક્ષણ છે બ્રહ્મચર્ય.શરીરથી ઘણા બ્રહ્મચર્ય પાળેછે,પરંતુ આંખથી અનેમનથી બ્રહ્મચર્ય પાળનારાં ઓછાં છે. મનને સ્થિર કરવાનું સાધન છે બ્રહ્મચર્ય. તનમનની સર્વથા શુદ્ધિ તે બ્રહ્મચર્ય.

ત્યાગ : ત્યાગ કરવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે. બાંધવું ને ભેગું કરવું એ ધર્મ નથી.

સ્વાધ્યાય : સગ્રંથનું ચિંતન-મનન એ સ્વાધ્યાય છે.

આર્જવ :સ્વભાવને સરળ રાખવો સ્વભાવમાં કુટિલતા કે આંટીઘૂંટી ન રાખવી, મનમાં હોય તે જ પ્રગટ કરવું.

સંતોષ: ઈશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માને તે શ્રીમંત. પ્રભુએ જે આપ્યું છે તેને જે ઓછું માને તે દરિદ્ર.

એક ભિખારીને રત્નની વીંટી મળી તેણે વિચાર્યું,મારા કરતાં જે વધારે ભિખારી દુઃખી હોય તેને આ વીંટી આપું. રસ્તે જતાં તેણે જોયું તો એક શેઠને પાંચ બંગલા છે અને છઠ્ઠો બંગલો બંધાવે છે. આ શેઠ તે વખતે મજૂરી બાબતે ઝઘડો કરતા હતા.ભિખારીએ શેઠને વીંટીઆપી શેઠ કહે,મારી પાસે ઘણું છે. હું ભિખારી નથી. મને શા માટે વીંટી આપે છે? ભિખારી કહે, તમારી પાસે ઘણું હોય તો નીત નવી મિલકતનો લોભ કેમ કરો છો? તમને સંતોષ નથી એટલે નિખારી હું નહીં, તમે છો.

સમદ્રષ્ટિ :સર્વમાં સમદ્રષ્ટિરાખવી. ક્રિયામાં વિષમતા હોય,ભાવમાં વિષમતા કદી કરવી નહીં. મૌનઃ વ્યર્થ કાંઈ ન બોલવું એ મૌન છે. મનથી ન બોલેએ મૌન મૌનથી મનને શાંતિ મળે છે ને પાપનો નાશ થાય છે.

આત્મચિંતનઃહું કોણ છું તેનો રોજ વિચાર કરવો. હું શરીર નથી, હું પરમાત્માનો અંશ છું. જન્મ પહેલાં કોઈ સગાં ન હતાં અને મર્યા પછી કોઈ સગાં મરતા પહેલાં એક શેઠે પોતાની વશિયત માં લખી રાખેલું કે,ગંગા-જમુના ની મધ્યમાં લાખ રૂપિયા છે. છોકરા વિચારવા લાગ્યા,ગંગાને જમુના બે મોટીનદીઓ,તેની વચ માં આ જગ્યા કયાં શોધવી?ત્યારે જૂના મુનિમે કહ્યું, તમારા ઘરમાં ગંગા-યમુના નામની બે ગાયો છે તે જે જગ્યાએ બાંધવામાં આવે છે તેની વચ્ચે આ રૂપિયા છે.આ દૃષ્ટાંતનો આધ્યાત્મિક અર્થ એવો થાય છેકે ગંગા-જમુનાએ ઈંગલા- પિંગલા બે નાડીઓ છે,તેની મધ્ય માં સુષુમ્ણા નાડી છે.કોઈ ગુરુ આ સુષુમ્ણા નાડીને જાગ્રત કરી આપે ત્યાં સુધી બ્રહ્મનાં દર્શન થતાં નથી પેલા શેઠના છોકરાને ગંગા-જમનાની ખબર નથી, એના જ ઘરમાં છે છતાં.તેમ આપણને આપણી અંદર જે ગંગા-જમુના છે તેની ખબર નથી.પછી દ્રવ્યરૂપી પ્રભુ જડે ક્યાંથી? ગુરુ બતાવે તો જ જડે.

વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાન કાળઝાળ ગરમીમાં શાંત મન ચિતે મેળવી રહયા છીએ મોજમાં ખુશ રહો તેવી શુભેચ્છા સાથે અસ્તુ.

રિદ્ધિસિદ્ધિ બ્યુટી પાર્લરમાં ત્રણ મહિલાએ ગ્રાહક બનીને આવી મોટી ઠગાઈ આચરી છે

હિંમતનગરમાં બ્યુટી પાર્લરમાં ગ્રાહક બનીને આવેલી ત્રણ મહિલાએ માતાજીની વાતો કરી વિશ્વાસમાં લઇ ત્રણ તોલાનો સોનાનો દોરો પડાવ્યો

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૦

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલા અંબર સિનેમા રોડ પર એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રિદ્ધિસિદ્ધિ બ્યુટી પાર્લરમાં ત્રણ મહિલાએ ગ્રાહક બનીને આવી મોટી ઠગાઈ આચરી છે. ભોગ બનનાર મહિલાએ આ અંગે પોલીસમાં લેખિત રજૂઆત કરી છે. જેને આધારે પોલીસે સ્થળ પર તપાસ કરી, CCTV ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ભોગ બનનાર મહિલાએ આ સમગ્ર બનાવ અંગે મીડિયાની માહિતી આપી હતી. જો કે, સાચી હકીકત તો પોલીસ તપાસ બાદ

જ બહાર આવશે.

રિદ્ધિસિદ્ધિ બ્યુટી પાર્લરના માલિક ભોગ બનનાર મહિલા શુભાંગીની એમ.ભાવસારના જણાવ્યા મુજબ, બુધવારે બપોરના સમયે પાર્લરમાં આવેલી ત્રણ મહિલાએ શરૂઆતમાં શ્રીમંત ગ્રાહકનો ઓર્ડર આપવાની વાત કરી હતી. ત્યાર બાદ વેક્સિંગની સેવા માંગી હતી. આ દરમિયાન તેમણે પાર્લર સંચાલક અને કર્મચારી સાથે અંધશ્રદ્ધા અને માતાજીની વાતો શરૂ કરી હતી.મહિલાઓએ સંચાલકને માતાજીનો શ્રાપ હોવાનું જણાવી વિધિ કરવાની વાત કરી હતી. આ રીતે વિશ્વાસ કેળવીને સંચાલક પાસેથી ત્રણ તોલાનો સોનાનો દોરો મેળવી લીધો હતો. ત્યાર બાદ ત્રણેય મહિલા ત્યાંથી નીકળી ગઈ હતી.અડધા કલાક બાદ સંચાલકને ઠગાઈનો અહેસાસ થયો હતો. તેમણે પરિવારજનોને જાણ કરી હતી. પરિવારે સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા, જેમાં ત્રણેય મહિલાઓ કેદ થઈ હતી. આ મામલે હિંમતનગર એ ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

ધારાસભ્ય મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને વડસ્મા ખાતે આયુષ મેળો યોજાયો

આયુર્વેદ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યની જાળવણી અને રોગી વ્યક્તિના રોગના નિવારણ પર ભાર મૂકે છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણાના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વડસ્મા ખાતે આયુષ મેળો યોજાયો હતો. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને આયુષની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત આયુષ મેળાના કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતુ કે,'' ખરેખર આ આયુષ મેળા પ્રેરણાદાયી છે. આયુર્વેદ એ આપણી પ્રાચીન સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. આયુર્વેદ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યની જાળવણી અને રોગી વ્યક્તિના રોગના નિવારણ પર ભાર મૂકે છે. આજે જ્યારે આપણે આધુનિક જીવનશૈલીના પડકારોનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે આયુર્વેદનું મહત્વ ઘણું વધી જાય છે. આયુર્વેદ માત્ર રોગોની સારવાર જ નથી કરતું, પરંતુ તે આપણને સ્વસ્થ અને સુખી જીવન જીવવાનો માર્ગ પણ બતાવે છે.

વધુ માં તેમણે જણાવેલ કે,'' આ આયુષ મેળામાં નિઃશુલ્ક આયુર્વેદ અને હોમિયોપેથીક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે ખરેખર સરાહનીય છે. તમામ લોકોને આવા કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કરું છું તેમજ આ કાર્યક્રમના આયોજકોને અભિનંદન આપું છું અને આયુર્વેદના પ્રચાર અને પ્રસાર માટે તેમના પ્રયત્નોની પ્રશંસા કરું છું. આપણે સૌ સાથે મળીને આયુર્વેદને આપણા જીવનનો અભિન્ન ભાગ બનાવીએ અને સ્વસ્થ અને સમૃદ્ધ ગુજરાતનું નિર્માણ કરીએ.''

વડસ્મા આયુર્વેદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના સકલન થી યોજાએલા આ આયુષ મેળામાં આયુર્વેદ અંગે પ્રદર્શન રાખવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ સાથે આયુર્વેદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના કર્મયોગીઓ, અધિકારીઓ, તબીબો અને વિધાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

બેચરાજી ખાતે આજથી પ્રાકૃતિક વેચાણ કેન્દ્રનો પ્રારંભ થયો

બહુચર ભોજનાલય અન્નપુર્ણા ભવન ખાતે દર ગુરુવારે સવારે પ્રાકૃતિક વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વેચાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

બેચરાજી તાલુકાના બેચરાજી ખાતે આજથી પ્રાકૃતિક વેચાણ કેન્દ્રનો પ્રારંભ થયો હતો.જેમાં પાંચ ખેડુતો પૈકી બે દેવગઢ, અંબાલા અને કનોડા અને દેથલી હતા. જેમણે વેચાણ માં પપૈયા અને કઠોળ ચણા, મઠ અને કેળા હતા. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી આ વેચાણ કેન્દ્ર માં કુલ રૂ. ૩૦૦૦નું વેચાણ થયું હતુ. ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ત્યારે મહેસાણા જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિ અભિયાન વેગવંતુ બનેલુ છે. દર ગુરુવારે જિલ્લાના નિયત પ્રાકૃતિક વેચાણ કેન્દ્ર ખાતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વેચાઈ રહ્યા છે તેમજ તાલુકા સ્તર સહિત પ્રસિધ્ધ અને જોવાલાયક તેમજ જાહેર જગ્યાઓએ પ્રાકૃતિક વેચાણ કેન્દ્ર પ્રારંભ કરવાનો જીલ્લા વહીવટીતંત્ર

અને આત્મા કચેરી મહેસાણાના પ્રયત્નો છે જે પૈકી આજરોજ બેચરાજી ખાતે આ કેન્દ્રનો પ્રારંભ કરાયો છે એમ આત્મા પ્રોજેકટ ડાયરેકટરશ્રી તેજલબેન શેઠે જણાવ્યું હતુ . વર્તમાન પરિસ્થિતિ જોતા આપન ને થાય કે આપણે ખાવું તો શું ખાવું એના માટે આત્મા પ્રોજેક્ટ બેચરાજી દ્વારા હાલ સૌ પ્રથમ વાર પ્રાકૃતિક વેચાણ કેન્દ્ર બહુચર માના ભોજનાલય માં દર ગુરુવારે ચાલુ કરવામાં આવેલ છે. બહુચર ભોજનાલય અન્નપુર્ણા ભવન ખાતે દર ગુરુવારે સવારે પ્રાકૃતિક વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વેચાશે એમ આત્મા પ્રોજેકટ આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજરશ્રી નીલમબેન પ્રજાપતિ અને પટેલ જીગરભાઈએ જણાવ્યું હતુ. આ સમયે મામલતદારશ્રી રાજેશ કાનુડાવાલા , તાલુકા વિકાસ અધિકારી શ્રી જિગરભાઈ ચૌધરી ,વિતરણ અધિકારી શ્રી મહેશભાઈ ઠકોર તાલુકા સ્ટાફ મિત્રો પણ હાજર રહ્યા હતા આત્મા પ્રોજેક્ટ સંયોજક શ્રી અમરતભાઈ આદિવાડા પણ હાજર રહ્યા હતા તેમણે જણાવતા કહ્યું કે બેચરાજી હવે દર ગુરુવારે ૧૦થી૧૨ આ વેચાણ કેન્દ્ર ચાલુ રહેશે વધુમાં વધુ ગ્રાહક મિત્રો આ કેન્દ્ર મુલાકાત લે અને પ્રાકૃતિક ખાવ અને નિરોગી રહો.

ડિવિઝનના ચાર પોલીસ સ્ટેશનમાં કુલ ૨૨૦ ગુનામાં પકડાયેલી ૪૭,૬૪૩ બોટલનો નાશ કરાયો

હિંમતનગર પોલીસે વિવિધ ગુનાઓમાં ઝબ્બે કરાયેલા રૂપિયા ૯૯ લાખના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૦

હિંમતનગરના વીરપુર ગામની સીમમાં આજે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે વિવિધ ગુનાઓમાં જપ્ત કરેલા વિદેશી દારૂના જથ્થાનો નાશ કર્યો હતો.

હિંમતનગર ડિવિઝનના ચાર પોલીસ સ્ટેશનમાં કુલ ૨૨૦ ગુનામાં પકડાયેલી ૪૭,૬૪૩ બોટલનો નાશ કરવામાં આવ્યો. આ દારૂનો જથ્થો કુલ રૂ.૯૯.૨૫ લાખની કિંમતનો હતો.હિંમતનગર એ ડિવિઝનમાંથી ૧૦૫ ગુનામાં રૂ.૬૧.૧૧ લાખની કિંમતની ૨૫,૪૦૯ બોટલ જપ્ત કરાઈ હતી. બી ડિવિઝનમાંથી ૩૦ ગુનામાં રૂ.૪.૧૧ લાખની ૨,૧૬૪ બોટલ મળી હતી. ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાંથી ૧૬ ગુનામાં રૂ.૧૨.૨૯ લાખની ૪,૭૪૮ બોટલ અને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાંથી ૭૪ ગુનામાં

રૂ.૨૭.૪૪ લાખની ૧૮,૦૦૨ બોટલ જપ્ત કરાઈ હતી.

આ કાર્યવાહી દરમિયાન DYSP એ.કે. પટેલ, PI આર.ટી. ઉદાવત, PSI એ.બી. શાહ, PI એચ.આર. હેરભા તેમજ પ્રાંત અધિકારી અને નશાબંધી અધિકારી હાજર રહ્યા હતા. દારૂની બોટલો પર રોલર ફેરવીને નાશ કરાયો હતો. ત્યારબાદ ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

તાલુકા પી.આઈ. એમ.આર. બારોટની આગેવાનીમાં ગ્રામ પંચાયતની ટીમે સદરપૂર ગામ વિસ્તારમાં બુલડોઝર ફેરવ્યું

પાલનપુર પોલીસે ૨૩ અસામાજિક તત્વોના લાઈટ-પાણી કનેક્શન કપાયા, ત્રણ સ્થળેથી અતિક્રમણ દૂર કરાયું

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

પાલનપુર તાલુકા પોલીસે અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી કરી છે. તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. બારોટની આગેવાનીમાં ગ્રામ પંચાયતની ટીમે સદરપૂર ગામ વિસ્તારમાં બુલડોઝર ફેરવ્યું હતું.

પોલીસે તાલુકા વિસ્તારમાં રહેતા ૨૩ અસામાજિક તત્વો અને બુટલેગરો સામે કડક કાર્યવાહી કરી છે. આ કાર્યવાહી દરમિયાન ૧૦ જેટલા લાઈટ કનેક્શન અને ૪થી વધુ પાણીના કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે. વધુમાં, ત્રણ સ્થળેથી ગેરકાયદેસર દબાણો પણ દૂર કરવામાં આવ્યા છે. PI એમ.આર.

બારોટે જણાવ્યું કે આ કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું કે જે કોઈ ગુનેગાર હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીથી વિસ્તારના અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લીમાં સરકારી જમીનમાં જ ગાંજાનું વાવેતર, તલાટીને ફટકારાઇ નોટીસ

અરવલ્લી,તા.૨૦

અરવલ્લી જિલ્લાના હાથીખાંટના મુવાડામાં મકાઈના વાવેતરની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું.જે ખેતરમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું તે ખેતર સરકારી રેકર્ડ ઉપર શ્રીસરકારના નામે નીકળ્યું છે. આ ઘટનામાં તલાટીને નોટિસ ફટકારી જવાબ માંગવામાં આવ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ અરવલ્લી પોલીસની પ્રશંસા કરતા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

અરવલ્લીના હાથીખાંટના મુવાડા ગામમાં મકાઈના વાવેતરની આડમાં ગાંજાનું મોટાપ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. એલસીબીની ટીમે ડ્રોનની મદદ વડે વનસ્પતિજન્ય માદક દ્રવ્ય ગાંજાના ૩૫૦ છોડનો પ્રતિબંધિત જથ્થો ઝડપી પાડ્યો હતો. હવે જે ખેતરમાં આ ગાંજાનું વાવેતર કરાયું હતું તે સર્વે નંબર ૨૯૬ની જમીન પૈકીનુ આ ખેતર શ્રી સરકાર રેકર્ડ ઉપર શ્રીસરકારના નામે હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઇ આવતા વિવાદ વકર્યો હતો અને આ વિવાદી પ્રકરણે તપાસ હાથ ધરવા જિલ્લા અધિક કલેક્ટર દ્વારા આદેશ અપાયા હતા. અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સખવાણીયા પંચાયતના તલાટી કમમંત્રીને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લા કલેક્ટર રાજેશ કુચારાને પ્રાથમિક તપાસમાં હાથીખાંટના મુવાડા ગામે જે જગ્યાએ ખેતરમાં ગાંજાનું વાવેતર કરાયું હતું. તે જમીન સરકારી હોવાનું જણાઈ આવ્યું હતું અને શ્રી સરકારના નામે આવેલ આ સ્થળે કોની મંજુરીથી કબ્જો મેળવાયો? કોની મંજુરીથી વાવેતર કરાયું હતું તેવા તપાસ પ્રશ્ને તપાસ કમિટિ નીમવામાં આવી હોવાનું અધિક જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું.

સંપુર્ણ કાર્યક્રમ ઉમંગભેર પુર્ણ કરવામાં આવનાર છે

ધારાસભ્ય ડા.સી.જે. ચાવડાના અધ્યક્ષ સ્થાને જંત્રાલ વનકવચ ખાતે વિશ્વ વન દિવસની ઉજવણી કરાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

ધારાસભ્યશ્રી ડો.સી.જે ચાવડાના અધ્યક્ષ સ્થાને જંત્રાલ વનકવચ ખાતે આવતી કાલે ૨૧ માર્ચે વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. વિશ્વ વન દિવસની ઉજવણી મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકામા જંત્રાલ હેકટર ૨.૦૦ વનકવચ ખાતે વિજાપુરના ધારાસભ્યશ્રી ડો.સી.જે ચાવડા લોકાર્પણ માટે ઉપસ્થિતિ રહી સંપુર્ણ કાર્યક્રમ ઉમંગભેર પુર્ણ કરવામાં આવનાર છે. મહેસાણા તાલુકામાં લીંચ નર્સરી વનકવચ, કડી તાલુકામાં વનકવચ રાજપુર-ઈન્દ્રશીલ યુનિવર્સટી, વડનગર તાલુકામાં વલાસણા નર્સરી , ખેરાલુ તાલુકામાં વૃદાવન મહાદેવ મંદિર-અર્બન ફોરેસ્ટ ખેરાલુ, ઉંઝા અને બેચરાજી તાલુકામાં શાળાના બાળકોની જાગૃતિ રેલી અને શેરી નાટક, તેમજ શપથ વિધિ થી ઉજવણી કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે મહેસાણા જીલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષમાં વન વિભાગ મહેસાણા દ્વારા કુલ ૧૨.૦૦ હેકટરમાં ૧,૨૦,૦૦૦ રોપાઓનું વાવેતર તથા માળખાગત સુવિધાઓ ''વનકવચ'' મોડલ હેઠળ ઉપલબ્ધ કરાવેલ છે. મહેસાણા જીલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષમાં વન વિભાગ મહેસાણા દ્વારા વિજાપુર તાલુકામાં પીલવાઈ ઋષિવન ખાતે,વિસનગર તાલુકામાં ગુંજા ખાતે, મહેસાણા પીપલશ્વર મહાદેવ સાલડી ખાતે કુલ મળી ૬૦૦ વડના રોપા તથા માળખાગત સુવિધાઓ કુલ ૩.૦૦ હેકટરમાં ''નમો વડ વન'' મોડલ હેઠળ ઉપલબ્ધ કરાવેલ છે. મહેસાણા જીલ્લામાં ચાલુ વર્ષે એક પેડ માં કે નામ અંતર્ગત ૩૫ ,૬૫૦૦૦ રોપાઓનું વિતરણ અને ૮,૨૩,૮૮૭ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે એમ નાયબ વન સંરક્ષકશ્રી દેસાઈની અખબારી યાદીમાં જણાવેલ છે.

સંક્ષિપ્ત સમાચાર

ગત વૃષે ચકલી દિવસ નિમિત્તે પક્ષી પરબ બાંધવામાં આવેલ

મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિના કર્મચારીઓએ પક્ષીઓ માટે બાંધવામાં આવેલા પરબમાં પાણી ભરવા પ્રેરિત કરાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા શહેરની મધ્ય આવેલી જિલ્લા શિક્ષણ સમિતિ ની કચેરીમાં ગત વર્ષે ચકલી દિવસ નિમિત્તે પક્ષી પરબ બાંધવામાં આવ્યા હતા. સમગ્ર વર્ષ દરમિયાન કચેરી સમય પહેલા પક્ષીઓની પરબને સાફ-સફાઈ કરી દરરોજ નિયમિત પાણી ભરનાર જીગર પ્રજાપતિ જૂ.કા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી મહેસાણાનું આજે ડૉ .શરદ ત્રિવેદી,કૌશિકભાઈ દેસાઈઅને કચેરીના અને ssa ના તમામ કર્મયોગીઓ દ્વારા સ્વયંભૂ સન્માન કરવામાં આવ્યું અને કચેરીના સંકુલમાં કર્મચારીઓ દ્વારા પક્ષી પરબ બાંધવામાં આવ્યા. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો શરદભાઈ ત્રિવેદી દ્વારા કર્મચારીઓને આ પરબમાં નિયમિતપણે પાણી ભરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

ભારત સરકારની એડીપ યોજના હેઠળ

દિવ્યાંગોને જીવન સહાયતાના સાધનો પુરા પાડવા માટે પરીક્ષણ શિબિર(એસેસમેન્ટ કેમ્પ)નું આયોજન કરાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ભારત સરકારશ્રીની એડીપ યોજના હેઠળ દિવ્યાંગોને જીવન સહાયતાના સાધનો પુરા પાડવા માટે પરીક્ષણ શિબિર(એસેસમેન્ટ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ મહેસાણા તાલુકામાં ટી.જે. હાઈસ્કુલ, પાંજરાપોળ પાસે, મહેસાણા ખાતે, તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ બહુચરાજી તાલુકામાં બી.આર.સી. ભવન, બેચર પ્રાથમિક શાળાની બાજુમાં બહુચરાજી ખાતે, તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ ઊંઝા તાલુકામાં બી.આર.સી. ભવન, ઉમિયા સર્કલ નજીક, દાસજ રોડ, ઊંઝા ખાતે, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ વિસનગર તાલુકામાં સિવિલ હોસ્પિટલ, વિસનગર ખાતે તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ વિજાપુર તાલુકામાં બી.આર.સી. ભવન, પોસ્ટ ઓફિસ નજીક તાલુકા કુમાર પ્રાથમિક શાળાના કેમ્પસમાં, વિજાપુર ખાતે, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ કડી તાલુકામાં બી.આર.સી. ભવન આદર્શ ગાંધી સ્મારક કન્યા શાળા નં. ૪ના કેમ્પસમાં ગાંધીચોક, કડી ખાતે, તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ માણસા તાલુકામાં બી.આર.સી. ભવન, માણસા ખાતે તેમજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ વડનગર તાલુકામાં વિસામો વૃદ્ધાશ્રમ, અંબાજી રોડ, વડનગર ખાતે દિવ્યાંગોને જીવન સહાયતાના સાધનો પૂરા પાડવા માટે પરીક્ષણ શિબિર(એસેસમેન્ટ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું છે.

પાર્ટીને પાયાના સ્તરે મજબૂત કરવા એક્શનમાં કોંગ્રેસ, ૭૦૦ જિલ્લા અધ્યક્ષોને બોલાવ્યા દિલ્હી

અમદાવાદ,તા.૨૦

ગુજરાત સહિત દેશભરમાં કોંગ્રેસ પાર્ટીનું ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન રહ્યું છે. ગુજરાતમાં તો કોંગ્રેસ ૩૦ વર્ષથી સત્તામાં નથી તો દેશમાં સળંગ ત્રણ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. આ સિવાય અનેક રાજ્યોમાં પણ છેલ્લા ૧૦-૧૫ વર્ષથી કોંગ્રેસ પાર્ટી ચૂંટણી હારી રહી છે. તેવામાં હવે પાર્ટી હાઈ કમાન્ડ નવી રણનીતિ બનાવવા પર કામ કરી રહ્યું છે. આ વચ્ચે દેશભરના ૭૦૦ જિલ્લા અધ્યક્ષોને પાર્ટીએ દિલ્હી બોલાવ્યા છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને ત્યારબાદ હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હીની ચૂંટણીમાં પરાજય બાદ કોંગ્રેસ પાર્ટી નવી રણનીતિ બનાવવાનો પ્લાન બનાવી રહી છે. તાજેતરમાં ગુજરાતમાં પોતાના પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધીએ પણ તેવા સંકેતો આપ્યા હતા. કોંગ્રેસ દ્વારા ૭૦૦ જિલ્લા અધ્યક્ષોને દિલ્હી બોલાવ્યા છે. વર્ષો બાદ કોંગ્રેસ પાર્ટી આ રીતે એક્શનમાં જોવા મળી રહી છે.કોંગ્રેસ પાર્ટી આગામી સમયમાં યોજાનારી વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલા સંગઠન મજબૂત કરવા માટે વિચારી રહી છે. ત્યારે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીએ દેશભરના ૭૦૦ જિલ્લા અધ્યક્ષો સાથે ત્રણ દિવસની બેઠકનું આયોજન કર્યું છે. આ બેઠક દિલ્હીમાં ત્રણ બેચમાં યોજાવાની છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય એક નવું સંગઠાનત્મક માળખાને અમલમાં મુકવાનો છે. પાર્ટીને પાયાના સ્તરેથી મજબૂતી મળે તે માટે હાઈકમાન્ડ દ્વારા પ્લાન બનાવવામાં આવી રહ્યો છે.તાજેતરમાં લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. ગુજરાતમાં પણ આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીનું પ્રદર્શન સતત કથળી રહ્યું છે.

ઝારખંડઃ રાજ્યપાલ સંતોષ ગંગવારે પીએમ નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત કરી

રાંચી,તા.૨૦

ઝારખંડના માનનીય રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે મંગળવારે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાત લીધી. આ પ્રસંગે, બંને મહાનુભાવો વચ્ચે રાજ્યના વિકાસ, વહીવટી સુધારા અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ.રાજ્યપાલે પ્રધાનમંત્રીને ઝારખંડની વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી અને રાજ્યમાં ચાલી રહેલી વિવિધ યોજનાઓ, વિકાસ કાર્યો અને વહીવટી પાસાઓની ચર્ચા કરી. આ બેઠકને રાજ્યના વ્યાપક હિત તરફ સકારાત્મક સંવાદ તરીકે જોવામાં આવી રહી છે.રાજ્યની પ્રવૃત્તિઓ પર આધારિત 'રાજભવન પત્રિકા'નું પ્રસ્તુતિ આ પ્રસંગે રાજ્યપાલ ગંગવારે પ્રધાનમંત્રીને રાજભવન, રાંચી દ્વારા પ્રકાશિત 'રાજભવન પત્રિકા' ની એક નકલ પણ અર્પણ કરી. આ મેગેઝિન ૩૧ જુલાઈ ૨૦૨૪ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન રાજભવનની વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને વહીવટી પહેલોને આવરી લે છે.

Volume : 10 Issue : 347 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002